**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 14-05-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## ચોથા તબક્કામાં મતદાન

નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 96 લોકસભા બેઠકો માટે ચોથા તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં 62.76 ટકા મતદાન થયું છે .ચૂંટણી પંચની યાદી પ્રમાણે ,પશ્ચિમ બંગાળમાં 75.66 ટકા, મધ્યપ્રદેશ 68.44 ટકા, આંધ્રપ્રદેશમાં 68.04 ટકા, ઝારખંડ 63.37 ટકા અને ઓડિશામાં 63.95, તેલંગાણામાં 61.23 ટકા, ઉત્તરપ્રદેશમાં 57.66 ટકા, બિહારમાં 55.78 ટકા, મહારાષ્ટ્રમાં 52.63 ટકા અને જમ્મુ કાશ્મીરમાં સૌથી ઓછું 36.57 ટકા મતદાન નોંધાયું છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય-કમોસમી વરસાદ

રાજ્યમાં કેટલાંક સ્થળોએ ગઇકાલે કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા છેજેમાં .. મોડી સાંજે અમદાવાદ ,મહેસાણામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો .બોટાદમાં અનેક સ્થળોએ કરાં પડ્યા હતા. દક્ષિણ ગુજરાતમાં પણ ઠેરઠેર વરસાદ વરસ્યો હતોકપરાડાના ગિરનારા અને . હુડા ગામમાં કરા સાથે વરસાદ પડ્યો હતો.જ્યારે તાપીમાં વરસેલા વાવાઝોડા સાથેના ધોધમાર વરસાદે રસ્તાઓને જળબંબાકાર બનાવી દીધાં હતાં. બીજીતરફ અરવલ્લીના મોડાસા શહેરના અલગ અલગ વિસ્તારોમાં પવન ફૂકાયો, તો શામળાજીના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદના પગલે રસ્તાઓ પર પાણીપાણી થઇ ગયું હતુંમધ્યગુજરાતના છોટાઉદેપુરમાં પણ કરા પડ્યા હ..તાજ્યારે .. અનેક સ્થળોએ ..ગાંધીનગરને પણ વરસાદ ભીંજવી ગયો હતો કમોસમી ..વાવાઝોડાને કારણે ઝાડ પડવાના બનાવો પણ નોંધાયા છે હવામાન વિભાગે પણ ..વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા પ્રવર્તી રહી છે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે ગાજવીજસાથે ભારે વરસાદની આગાહી કરી છે.

**RNU અમદાવાદ**

---

## વાગડ પંથક-વાવાઝોડું

રાજ્યના કેટલાક વિસ્તારમાં વરસાદની આગાહી કરાઇ છે તે વચ્ચે સોમવારની સાંજે વાગડ પંથકમાં વાતાવરણમાં એકાએક પલટો આવ્યો

હતો અને ધૂળની ડમરી ઉડવાની સાથે અંધારૂં છવાયું હતું. રાપર અને ભચાઉમાં મોડી સાંજે વાવાઝોડું ફૂંકાતા કેટલાક વૃક્ષો ધરાશાયી થયા હતા. તો અમુક સ્થળે છાપરા ઉડ્યા હતા. બીજી બાજુ જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો એક આંક ઉંચકાતાં ગરમીમાં વધારો થયો હતો.

એકાએક મિની વાવાઝોડા જેવો પવન ફૂંકાતા વીજ પ્રવાહ બંધ થયો હતો. શહેરમાં ક્યાંક વૃક્ષો પડી ગયા હતા, તો દુકાનની આગળ મૂકાયેલા છાપરા ઉડ્યા હતા.

**N.P / નેહલ ઠક્કર**

---

## ભુજ-પવન સાથે વરસાદ

મુંબઇમાં આવેલા વાવાઝોડાની અસર તળે કચ્છમાં મોડી સાંજથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વાગડમાં વરસાદ બાદ પશ્ચિમ કચ્છમાં મોડી રાત્રે ભારે પવન સાથે કેટલાક સ્થળોએ વીજળીના કડાકા સાથે બિપરજોય વાવાઝોડાની યાદ તાજી થઇ હતી. ભુજમાં મોડી રાત્રે પવન ફૂંકાવા સાથે કેટલાક સ્થળે વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. માધાપર, કુકમા, લાખોંદ સહિત આહિર પટ્ટીમાં વેગીલો વાયરો ફૂંકાયો હતો. હવામાનમાં આવેલા પલટાને કારણે લોકો ચિંતામાં મુકાયા હતા. ગાંધીધામમાં કડાકા-ભડાકા સાથે વરસાદ પડ્યો હતો.

N.P / નેહલ ઠક્કર

---

## રાજ્ય-વરસાદની આગાહી

હવામાન ખાતા દ્વારા આગામી તામે ૧૬ ., સુધી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાંક જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે વરસાદના સમયે .પાકરક્ષણ માટે તકેદારીના પગલાઓ અંગે ખેતી નિયામકની કચેરી દ્વારા કમોસમી વરસાદમાં થતા પાક નુકશાનથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક અને ખેતરમાં કાપણી કરેલા પાકને સલામત સ્થળે ખસેડી લેવા જણાવાયું છે. પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે પાકને ઢાંકી દેવાની પણ સલાહ આપવામાં આવી છેપાકના ઢગલાની નીચે પાણી જતું . અટકે તે માટે ફરતી બાજુ માટીનો પાળો બનાવવાનું પણ સુચન કરાયું વરસાદના સમયે પાકમાં જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ ..છે ટાળવા અનેAPMCમાં અનાજ અને ખેતપેદાશોને વરસાદથી સુરક્ષિત રાખવા ખેતી નિયામકની કચેરીએ અનુરોધ કર્યો છે.

RNU અમદાવાદ

---

## આઇપીએલ

આઇપીએલની ગુજરાત ટાઇટન્સ અને કોલકતા નાઈટ રાઇડર્સની ટીમો વચ્ચેની  અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી મેચ ભારે વરસાદને કારણે મુલતવી રાખવી પડી હતી બન્ને ટીમોને એક-એક પોઇન્ટ આપવામાં આવ્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------------

## લોકરક્ષક-પીએસઆઇ ભરતી

લોકરક્ષક અને પીએસઆઈની ભરતી માટેનાં અરજીપત્રક ભરવાનો સમય પૂર્ણ થયો છેપીએસઆઇ . માટે ચાર લાખ  50 હજાર અને લોકરક્ષક માટે 9 લાખ 83 હજાર અરજીઓ મળી છે.

સ્નાતક અને ધોરણ 12 ની પરીક્ષાઓના પરિણામ આવ્યા બાદ ફરી અરજી પત્રક ભરી શકાશે .તેમ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## કે.કે.પટેલ હોસ્પિટલ-ચિરંજીવી અભિયાન

છેલ્લા અમુક સમયથી યુવાઓમાં હાર્ટએટકનો ભય પ્રવેશ્યો છે તેને નિવારવા કચ્છી લેવા પટેલ એજ્યુક્શન & મડિકલ ટ્રસ્ટ સંચાલિત ભુજની કે. કે. પટેલ સુપર- સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા ચિરંજીવી

અભિયાન ચાલુ કરાયું છે. જેમાં રાહતદરે સ્કેન કરીને હૃદયરોગને લગતી બીમારીનું નિદાન થશે. આ માટે હોસ્પિટલમાં ચાર કરોડના ખર્ચે આધુનિક સીટી એન્જ્યો મશીન વસાવાયું છે. જેમાં રાહતદરે સીટી એન્જ્યો કરી આપવામાં આવશે. આ પ્રકારનું સીટી એન્જ્યો રાજ્યની અમુક હોસ્પિટલમાં જ છે. સીટી એન્જ્યોમાં એક્સ-રે અને સીટી સ્કેન જેવી સરળ રીતે સ્કેન કરવામાં આવે છે જેમાં દર્દીને કોઇ કાપો મૂકવાની જરૂર રહેતી નથી.

**N.P / નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------